ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦/૨૦૧૫/૫૭૫૩૦૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૧૨/૨૦૨૧

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦/૨૦૧૫/૫૭૫૩૦૬/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૦/૫૩૮૮૬૧/ન.બ-૨૮/ગ

(૩) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૩) ઉપરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેશ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના આ વિભાગની ચ-શાખાના પત્રથી આ વિભાગ હસ્તકની કેટલીક સેવાઓ અંતર્ગત મેળવવામાં આવતા વધારાના પુરાવાઓ ઓછા કરવા તથા અન્ય બાબતે આનુષંગિક ઠરાવોમાં સુધારા કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અંગે ચ-શાખાના પત્ર સાથે સામેલ આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ ટાસ્ક સમિતિની નોંધથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિઓની કન્યાઓ માટેની કુંવરબાઈનું મામેરૂ યોજનાના ઠરાવમાં સુધારા કરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુસૂચિત જાતિના ગરીબ અને નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા કુટુંબની વધુમાં વધુ ૨(બે) કન્યાઓને લગ્ન પ્રસંગે રૂ.૧૨,૦૦૦/-ની સહાય આપવાની કુંવરબાઈનું મામેરૂ યોજના અમલમાં છે.

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવની શરતોમાં નીચે મુજબના ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. શરત નં: (૩) "કુટુંબ દીઠ બે પુખ્તવયની કન્યાઓ (દિકરીઓ)ના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે. પુન: લગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી" તે પૈકી "પુન: લગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી" તે જોગવાઈ રદ્દ કરવામાં આવે છે.

૨. શરત નં : (૬) અને (૮) આથી રદ્દ કરવામાં આવે છે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવ સાથે સામેલ આ યોજના હેઠળ સહાય મેળવવા માટેના અરજી સાથે જોડવાના આધાર – પુરાવા પૈકી લગ્નની કંકોત્રી આધાર તરીકે સામેલ રાખવાનું આથી રદ્દ કરવામાં આવે છે.

૪. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવ સાથે સામેલ અરજીફોર્મમાં "સમાજ કલ્યાણ નિરીક્ષકને સ્થળ તપાસ કરવાની" જોગવાઈ આથી રદ્દ કરવામાં આવે છે. તથા ડોક્યુમેન્ટસને આધારે અરજી મંજૂર કરવાની રહેશે.

૫. " આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવાનું રહેશે." એ શરત ઉમેરવામાં આવે છે.

સદરહુ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)((સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.